**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

---

# પરિપત્ર

વિષય : જાહેર હરાજીની રકમ જમા
કરાવવા બાબત....

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની તમામ કચેરીઓને જણાવવાનું કે, જે તે કચેરીઓ દ્વારા બિન ઉપયોગી / રદ–બાતલ કરેલ ડેડસ્ટોક આઈટમો/જુના વાહનો તથા જુના મકાનો, ગોડાઉનો જેવા અન્ય જર્જરીત હાલતવાળી મિલ્કતોની જાહેર હરાજી દ્વારા નિકાલ કરવામાં આવે છે, તેમજ આવી હરાજીથી ઉપજેલ રકમ જેતે કચેરીના કાર્યરત બજેટ સદરમાં જમા લેવામાં આવે છે, આવી રદ–બાતલ થયેલ જુદી જુદી આઈટમોની જાહેર હરાજીથી ઉપજેલ રકમ, નાણાંકિય નિયમોનુસાર જે યોજનામાં આઈટમો/વાહનો ખરીદ કરવામાં આવેલ હોય તેજ યોજનામાં આ આવકો જમા કરાવવાની રહે છે. પરંતુ હાલમાં યુનિવર્સિટીની જુદી જુદી કચેરીઓ દ્વારા રદ–બાતલ થયેલ આઈટમો/વાહનોની જાહેર હરાજી એકજ જગ્યાએ અલગ–અલગ કચેરીઓ કે બજેટ સદરોની એક જથ્થામાં ભેગો કરી (ઢગલા કરી) જાહેર હરાજી થી નિકાલ કરવામાં આવે છે જેમાં હરાજીમાં મૂકવામાં આવેલ આઈટમોની અપસેટ વેલ્યુ ઘણી વખત ખૂબજ નજીવી રકમની હોય છે તેમજ ઘણી વખત જે તે આઈટમો કયા બજેટ સદરમાં ખરીદેલ છે તની વિગત પણ ઉપલબ્ધ હોતી નથી આવા કારણોસર જે તે આઈટમો દીઠ હરાજીથી આવેલ રકમ જુદા જુદા બજેટ સદરોમાં જમા લેવા ઘણી મુશ્કેલીઓ સર્જાય છે, આથી આવી ઉપજેલ રકમ (આવક) અત્રેની કચેરીના અધર એજન્સી યોજનાના બજેટ સદર **"૧૮૦૫૦" જાહેર હરાજી/વેચાણ આવક (સ્ક્રેપ)** ખાતે જમા કરાવવા આથી સુચના આપવામાં આવે છે. જેનો ચૂસ્ત પણે અમલ કરવાનો રહેશે.

ઉપરોકત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં માનનીય કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ (૪૭૬ - ૫૧૬) /૨૦૧૩
તારીખ : ૨૬/૦૮/૨૦૧૩

**નકલ સવિનય રવાના :**
૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી થવા સારૂ.

**નકલ રવાના :**
૧) અત્રેની કચેરીના બજેટ / કોમ્પાઈલેશન શાખા તરફ
૨) અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારૂ.